| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 26/01/24 |
| PAGE : | 6 |

### આઈઆઈટી જેવી ટોચની સંસ્થાઓ સમીક્ષા કરશે, 3 મહિનામાં રિપોર્ટ

# સ્માર્ટ સિટી મિશનથી શું પ્રાપ્ત કરવું, કેવી રીતે સુધારવું; સંસ્થાઓ માહિતી આપશે

અનિરુદ્ધ શર્મા | નવી દિલ્હી

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયનું સ્માર્ટ સિટી મિશન આ વર્ષે જૂન મહિનામાં સમાપ્ત થશે. મિશનથી શહેરોમાં કેવી પ્રગતિ થઈ તે અંગે માહિતી મેળવવા માટે આઈઆઈટી, આઈઆઈએમ જેવી દેશની 23 અગ્રણી સંસ્થાઓને સમીક્ષા માટે 50 વિષયો પર અભ્યાસ કરવા માટે કહેવામાં આવ્યું છે. તે આગામી ત્રણ મહિનામાં રિપોર્ટ રજૂ કરશે. આ ટોચની સંસ્થાઓ સાથે મળીને મિશન પર સેક્ટર મુજબના અભ્યાસ પેપર તૈયાર કરી રહી છે. દરેક સંસ્થાને એક પ્રોજેક્ટ માટે 6 લાખ રૂપિયાની અભ્યાસ રકમ મળશે. દરેક સ્ટડી રિપોર્ટમાં એ પણ જણાવવાનું રહેશે કે આવનારાં વર્ષોમાં આ પ્રોજેક્ટ્સને કયા પડકારોનો સામનો કરવો પડશે અને તેનો સામનો કરવા માટે શું કરવું પડશે. મિશન ડાયરેક્ટર કુણાલકુમારના જણાવ્યા અનુસાર એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે જ્યારે તમામ અભ્યાસ પેપર્સ બહાર પાડવામાં આવશે.

### આઈઆઈએમ બેંગલુરુ મહિલા અપરાધ પર અસર જણાવશે

- આઈઆઈએમ, બેંગલુરુ: સ્માર્ટ ક્લાસનો ડ્રોપઆઉટ ઘટાડવા, મહિલા સામેના ગુનાઓને વાસ્તવિક સમયમાં ટ્રેક કરવામાં થતી અસર.
- આઈઆઈટી ખડગપુર: ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં નિયંત્રણ કેન્દ્રની ભૂમિકા.
- આઈઆઈએમ કોલકાતા: પર્યટનમાં મિશનની ભૂમિકા.
- આઈઆઈટી ભિલાઈ: પરિવહનમાં સુધારાની અસર.
- આઈઆઈએમ બેંગલુરુ: સ્માર્ટ સિટી મોબાઈલ એપ પરની સુવિધાઓ.
- આઈઆઈએમ ગયા: તળાવ અથવા ભૂગર્ભ જળ સ્તરમાં સુધારો.
- આઈઆઈટી કાનપુર: રિયલ ટાઈમ ટ્રાફિક મેનેજમેન્ટ.
- ઈડીઆઈ ગાંધીનગર: રોજગાર વધારવામાં યોગદાન.
- આઈઆઈટી હૈદરાબાદ: હવાની ગુણવત્તા સુધારવા પર અસર.